# મૂલ્યવાન સામગ્રીનું સંશોધનાત્મક સંપાદન | વિનોદ અધ્વર્યુ

[**‘શ્રી ગોવર્ધનરામ ગદ્યસંચય’** – સંશોધિત સંપાદન : ડૉ. હસિત મહેતા, પ્રકાશક : એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭, પૃ. ૨૭૫+૫૪, કિં. રૂ. ૨૨૦/-]

અતીત અને વર્તમાન વચ્ચેનો સાતત્યસંબંધ જાળવતી સંશોધનપ્રવૃત્તિ અતીતને કાલાંતરે બદલાતા જતા જીવનસંદર્ભના ઉપલક્ષ્યમાં નવા અભિગમથી ઓળખવાની તક આપે છે, તો સમયપ્રવાહમાં વિલુપ્ત અને વિસ્મૃત થતી જતી મૂલ્યવાન સામગ્રીને પુનઃ પ્રાપ્ત કરી આપે છે. પ્રસ્તુત ગ્રંથ આવા જ ઉપકારક પુરુષાર્થનું પરિણામ છે, અને વિશેષ રૂપે આવકાર્ય કારણ કે આ સામગ્રી યુગપુરુષ ગોવર્ધનરામનું પ્રદાન છે.

સામાન્યતઃ આપણા ચિત્ત પરની ગોવર્ધનરામની મુદ્રા, તેમના ‘લીલાવતી જીવનકલા’, ‘દયારામનો અક્ષરદેહ’ તેમજ ‘સાક્ષર જીવન’ વગેરે ગ્રંથો ઉપલબ્ધ છતાં, પ્રધાનરૂપે ‘સરસ્વતીચંદ્ર’ના સર્જકની જ રહી છે, પરંતુ તે ઉપરાંત પણ ગોવર્ધનરામે લેખો રૂપે ઘણું બધું આપ્યા કર્યું છે. એ બધી સામગ્રી જે લેખો રૂપે ‘સમાલોચક’, ‘વસંત’ વગેરે સમકાલીન સાહિત્યિક સામયિકોમાં જ પ્રગટ થયેલી ને લગભગ એક સદીના સમયગાળામાં અપ્રાપ્ય અને અજ્ઞાત પણ બની ગયેલી તે પ્રસ્તુત ગ્રંથમાં સંગ્રહ રૂપે પુનઃ પ્રાપ્ત થાય છે તે નોંધપાત્ર ઘટના છે, કારણ કે ગોવર્ધનરામના સુપ્રાપ્ત ગ્રંથોની ઉપલબ્ધિ પછી, તેમની સ્ક્રૅપબુકોની પ્રાપ્તિ પછીની આ બીજી ઘટના છે જે ગોવર્ધનરામને વધુ વ્યાપક સ્વરૂપે ઓળખવાનો અવસર આપે છે.

આ બસોપંચોતેર જેટલાં પૃષ્ઠોમાં, સર્જનાત્મક, વિવેચનાત્મક, ભાષાવિષયક, ચિંતનાત્મક અને સામાજિક એવા વિવિધ વિષયવિભાગોમાં વહેંચાયલા લેખોમાં ગોવર્ધન-રામનું જે વિવિધક્ષેત્રીય ચિંતન પ્રાપ્ત થાય છે તે જાણે ‘સરસ્વતીચંદ્ર’કારની ચિંતન-વિવેચન – (અને સર્જન પણ !) – વિશેષ સામગ્રી રૂપે તે સમર્થ મનીષીની પ્રતિભામુદ્રાને વિશેષ રૂપે પુષ્ટ કરે છે. અભ્યાસીઓ માટે તે નવેસર વિચારવાની તક બની રહે છે. ‘મુંબઈ ઇલાકામાં હિન્દુ સમાજની સ્થિતિ’, ‘આપણા ધાર્મિક સુધારાઓ’ વગેરે જેવા લેખો તેમના સમયને ઓળખવાનો પ્રયત્ન કરનારા અભ્યાસીઓ માટે, તો ‘આ કાળનાં નાટકો’, ‘ગુજરાતી ક્રિયાપદની વ્યુત્પત્તિના નિયમો’ વગેરે જેવા લેખો સાહિત્યના અભ્યાસીઓ માટે મહત્ત્વના છે. સમકાલીન રાજકારણ, શિક્ષણ, સમાજસુધારો વગેરે સર્વ વિષયો પરના લેખો ગોવર્ધનરામની સમકાલીન પ્રવાહો પ્રત્યેની જાગ્રતતા અને મનનશીલતા દર્શાવે છે. તો વધુ ઊંડી નજરથી તપાસતાં તેમાં ‘સરસ્વતીચંદ્ર’ની જાણે પૂરક અને સૂચક સામગ્રી સાંપડે છે ! એ જમાનાને ઓળખવા આવા લેખો વાંચવા જ પડે !

‘ગોવર્ધનરામ ગદ્યસંચય’ આ દૃષ્ટિએ આપણી સાહિત્યસમૃદ્ધિમાં મહત્ત્વનું સંશોધનાત્મક સંપાદન બની રહે છે. અલબત્ત, સોએક વર્ષ પુરાણાં ને ક્યાંક ક્યાંક દટાઈને પડેલાં સામયિકોમાં વેરવિખેર એવા લેખો વીણી એકત્રિત કરવા એ કેવો સન્નિષ્ઠ અને ખંતીલો ઉદ્યમ માગી લે છે તે તો સંશોધકે પ્રાસ્તાવિક રૂપે કરેલા બયાનથી કલ્પી શકાય છે. લેખો સાથે આપેલી પ્રકાશન-સમય, સામયિક વગેરેની વિગતો જોતાં આ કાર્યમાં કેટલી ચિંતા, ચીવટ અને ‘માથાકૂટો’ભર્યો પુરુષાર્થ થયો હશે, ચોકસાઈ જાળવતાં કેટલી જહેમત કરવી પડી હશે તેનો ખ્યાલ કરીએ ત્યારે સંશોધકને ‘સંશોધક’ તરીકે, તો સામગ્રીને પ્રસ્તુત કરવાનું આયોજન, વિષયવિભાજન વગેરે ધ્યાનમાં લેતાં સંપાદકને ‘સંપાદક’ તરીકે પણ અભિનંદનના અધિકારી લેખવા રહ્યા.

આવું કાર્ય માત્ર ઉદ્યમ તરીકે નહીં પણ વિવેચનાત્મક સૂઝ સાથે થાય ત્યારે તેમાંથી જે પ્રાપ્તિ થાય છે તે ડૉ. મહેતાના લેખમાં જોઈ શકાય છે. તો ગ્રંથ સાથે સંકળાયલો ડૉ. સિતાંશુ યશશ્ચન્દ્રનો માતબર અભ્યાસ-લેખ વિશેષ ઉપલબ્ધિ ગણાય.

બે મુદ્દા નોંધવાલાયક લાગે છે. ગોવર્ધનરામના લેખોના ઉલ્લેખો શોધવા-નોંધવા સુધી આ સંશોધક પહોંચે છે, અને જે લેખો પ્રાપ્ત ન જ થઈ શક્યા તેનીય યાદી આપે છે. ત્યારે અભ્યાસીઓને એની પૂર્તિ કરવાનું જાણે ઇજન આપે છે. જોકે ગોવર્ધનપ્રેમીઓ માટે તો આવું કેટલું બધું ખોવાઈ ગયું એના વસવસાનો જ વિષય બની રહે છે. અલબત્ત હજી ગત યુગનું આવું જે સાહિત્ય ક્યાંક દટાયલું હશે તે સર્વથા નષ્ટ ન થઈ જાય તે માટે વેળાસર આવા અભ્યાસ કરવાની પ્રેરણા પણ મળી શકે છે !

અને બીજી વાત એ કે ગોવર્ધનરામની અન્ય મુદ્રિત / અમુદ્રિત કૃતિઓ પણ આ લેખો સાથે સંગ્રહાઈ છે એને પણ ઉપલબ્ધિ લેખવી રહી !

આમ, આ સંપાદનગ્રંથ આવકાર્ય તો બની જ રહે છે તો તે સાથે, હવે આ સંગ્રાહક-સંપાદક આ ‘ગદ્યસંગ્રહ’ની અર્ધાંગપૂર્તિ રૂપે ‘પદ્યસંગ્રહ’ પણ તૈયાર કરી રહ્યા છે તેવો સધિયારો પણ આપે છે ! – આનંદની વાત છે ! એટલે ડૉ. મહેતાને આ ગ્રંથ માટે અભિનંદન. અને બીજો ગ્રંથ સવેળા તૈયાર થાય તે માટે શુભેચ્છાઓ.